## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ઈ કાપી જાય માથાં છતાં નાટક ભજવતા નથી!*
*કરી જાય પરાક્રમ છતાં પર્વ ઉજવતા નથી!*
*ગજવતા નથી છાની-છપની નાની ચડાઈ માટે -*
*સહન કરી શહીદીને સૈન્યને લજવતા નથી!*
*(કરોડો દેશવાસી એ પરાક્રમ-પર્વ ઉજવ્યું?!)*

**હાઈકુ**

*થાય છે છતી,*
*જુદા જુદા સ્વરુપે -*
*મન કી બાત!!*

*ગહન અર્થો -*
*'ભાગવત' કથામાં*
*થાય પ્રગટ*

### ચિંતન

**સ્થિતપ્રજ્ઞો યતિરયં યઃ સદાનન્દમશ્યનુતે ।**
**બ્રહ્મણ્યૈવ વિલીનાત્મા નિર્વિકારો વિનિષ્ક્રિયઃ ॥**

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

બ્રહ્મમાં લીન થયેલ આત્મવાળો નિર્વિકાર તથા નિષ્ક્રિય, સ્થિતપ્રજ્ઞ, યતિ સદા આનંદનો અનુભવ કરે છે.

'લીન થઈ જવું' 'મય' થઈ જવું લય લીન થઈ જવું એ જ સંપૂર્ણ સમર્પણ છે. એમાં વિકાર-દ્વિધા - હાલકડોલક વૃત્તિ ન હોય નિર્વિકારી આત્મા 'તટસ્થ' - વિવેકી - સ્થિરવૃત્તિથી ભક્તિમાં લીન થઈ જાય તો જ ભક્તિનો આનંદ મળે છે.

ઈશ્વરનું 'ભજન' સાંભળવામાં જે લીન થઈ જાય એને ભક્તિનો આનંદ મળે.

### સુવિચાર

- આખિર ક્યોં રિસ્તોં કી ગલીયાં ઈતની તંગ હૈ,
  શરુઆત કૌન કરે યહી સોચ કર બાત બંદ હૈ - **અલ્તાફ પટેલ**
- સમજવા જેટલું સામર્થ્ય હોય તો ભૂલ પગથિયું બને નહીંતર ખાડો જ બને - **એસ. ભટ્ટાચાર્ય**
- કડવું સત્ય : લોકો ચાહે છે કે તમે આગળ વધો, પણ તેમનાથી આગળ નહીં - **અમૃતબિંદુ**
- ઉદારતાનું ઘાસ મોટાભાગે લુચ્ચાઈ ચરી જતી હોય છે- **મૃગેશ શાહ**
- આખા જીવનનો ટૂંકમાં આવો હિસાબ છે, આઘાત રોકડા અને ઉત્સવ ઉધાર છે - **ચંદ્રકાન્ત શેઠ**
- શબ્દકોશમાં બીજા બધા શબ્દોના અર્થ મળી શકે પણ જીવનનો અર્થ જીવન જીવીને અને સંબંધનો અર્થ સંબંધ નિભાવીને જ શોધવો પડે છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : લીલી કે કાળી દ્રાક્ષનો રસ વીસ મીલી લઈ તેમાં એટલું જ મધ મિક્સ કરી સવાર-બપોર-સાંજ સાત દિવસ લેવાથી શરદી કફ મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સમ્રાટ અશોકના જન્મદિવસે ભવ્ય મહોત્સવ યોજાયો હતો. એના એક વર્ષ પહેલાં સમ્રાટ એવી ઘોષણા કરી હતી કે રાજયના સૌથી શ્રેષ્ઠ શાસક ને તેઓ પુરસ્કૃત કરશે. વર્ષ પછી જન્મ દિવસે સમ્રાટે ઉત્તરના શાસકતને પૂછ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો. 'મહારાજ મારા પ્રદેશની આવક આ વર્ષે ત્રણ ગણી કરી ચૂક્યો છું.' દક્ષિણના શાસકે કહ્યું, 'ગયા વર્ષની શરખામણીમાં મેં આ વર્ષે દોઢું સુવર્ણ રાજકોષમાં જમા કરાવ્યું છે. પશ્ચિમના શાસકે કહ્યું, 'મહારાજ મેં પણ રાજયનો ખર્ચ ઘટાડવા માટે કડક પગલા લીધા છે. સેવકોનો પગાર ઘટાડ્યો છે. અને પ્રજા ઉપર કર વધાર્યો છે. આથી આપણા પશ્ચિમ રાજયની આવકમાં પણ વધારો થયો છે.'' આ ચર્ચા સાંભળી ચૂપચાપ બેસી રહેલા પૂર્વ પ્રદેશનાં શાસક બોલ્યા, 'મહારાજ મારા પ્રાંતે દર વર્ષની અપેક્ષાઓ અડધાથી પણ ઓછું ધન રાજકોષમાં જમા કરાવ્યું છે. અને અમે તો પ્રજા ઉપરનો કર ઘટાડ્યો છે. સેવકોને સુવિધા આપી છે. અને એને પરિણામે સેવકો વધારે લગન અને ઈમાનદારીથી કામ કરે છે. અમે કૂવા ખોદાવ્યા છે, ચિકિત્સાલય ખોલ્યા છે. જયાં રોગીઓની નિઃશુલ્ક સારવાર થાય છે.' પૂર્વ પ્રદેશના શાસકની વાત સાંભળી અશોક ઉઠ્યા અને કહ્યું, 'મારે પ્રજાના રક્તથી રંજિત સુવર્ણ નથી જોઈતું. પ્રજા સુખી રહે તે જ મારો ધ્યેય છે. આ વર્ષના શ્રેષ્ઠ શાસકનો પુરસ્કાર હું પૂર્વ પ્રદેશના શાસકને આપું છું. કારણ કે એમણે યાદ રાખ્યું છે કે શાસક તો પ્રજાના સાચા સેવકને જ કહેવાય છે.'

# ગાંધી સાર્ધ શતાબ્દીનો મંગલ પ્રારંભ

**તંત્રીસ્થાનેથી...**

કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે પોરબંદરમાં કબા ગાંધીના હુલામણા નામે ઓળખાતા વૈષ્ણવ વણિકના ઘરે જન્મેલો મોહનદાસ નામનો બાળક ભવિષ્યમાં વીસમી સદીનો જ નહીં બલકે સમગ્ર સહસ્રાબ્દીનો મહાનાયક બની પ્રગટશે. ભારતમાં આવાં માનવરત્નો યુગે યુગે પાકતાં રહ્યાં છે. એ પછી રામ હોય, કૃષ્ણ હોય કે બુદ્ધ-મહાવીર. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બહુ જ વાજબી રીતે કહ્યું છે કે બીજી ઑક્ટોબર, ૧૮૬૯ના દિવસે ફક્ત એક માનવી નહીં પરંતુ યુગનો જન્મ થયો હતો. વિશ્વમાં શાંતિ અને અહિંસાનો સંદેશ ફેલાવતા આ હસતા ફરતા ફિરસ્તાને દોઢસો વર્ષ થશે, એની દેશ અને દુનિયામાં આખા વરસ લગી ઉજવણી થતી રહેશે, એટલું જ નહીં, ગાંધીએ ચીંધેલો માર્ગ એ જ વિશ્વના ભાવીને અજવાળનારો અને સુરક્ષિત કરનારો એક માત્ર માર્ગ છે એવા વિવિધ સૂરો વિવિધ જગ્યાએથી સાંભળવા મળે છે. ગાંધીજીને વકીલ તરીકે દક્ષિણ આફ્રિકા લઈ ગયેલા ભારતીય મૂળના મુસ્લિમ શ્રેષ્ઠીનો આ તબક્કે આભાર માનવો જોઈએ. જો ગાંધીજી દક્ષિણ આફ્રિકા ન ગયા હોત અને દક્ષિણ આફ્રિકાના સેન્ટ પીટર્સબર્ગ રેલવે સ્ટેશને એમને પ્રથમ વર્ગના ડબ્બામાંથી અપમાનજનક રીતે ઉતારી પાડવામાં ન આવ્યા હોત તો દુનિયાને મહાત્મા ગાંધી નામનો યુગપુરુષ ભાગ્યે જ સાંપડ્યો હોત.

બાળપણમાં માતા પૂતળીભાઈ અને કામવાળી બાઈના સંસ્કાર ઘડતરથી ગાંધીજીનું કાઠું ઘડાયું હતું. એક તદન સાધારણ કક્ષાનો વિદ્યાર્થી કાળક્રમે વિલાયત જઈ બેરિસ્ટર બને છે, શ્રીમદ રાજચંદ્ર જેવા - હમઉમ્ર ફિલસૂફના પ્રભાવ હેઠળ અધ્યાત્મ તરફ વળે છે અને પોતાના જીવનને સત્યની પ્રયોગશાળામાં ફેરવી દે છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના હિંદીઓને થતા અન્યાય સામે જે ઐતિહાસિક લડત આપી તે વિશ્વના ઈતિહાસનું એક યાદગાર પ્રકરણ છે. આ લડત દરમિયાન જ તેઓ વિશ્વના મહાન વિચારકો ટૉલ્સ્ટોય અને રસ્કિનના પ્રભાવ હેઠળ આવ્યા. રસ્કિનના પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ' નો 'સર્વોદય' શીર્ષક હેઠળ અનુવાદ કર્યો અને દક્ષિણ આફ્રિકાનું આશ્રમજીવન છોડી ભારત આવી રાજકીય ગુરુ ગોખલેના માર્ગદર્શન મુજબ ભારતભ્રમણ કર્યું. કોંગ્રેસનું સુકાન સંભાળતાની સાથે આખા દેશમાં આઝાદી માટે અહિંસા અને સત્યાગ્રહનાં વિશિષ્ટ શસ્ત્રોથી લડી લેવાની ઝુંબેશ શરૂ થઈ, જે ૧૯૩૦માં દાંડીકૂચ સ્વરુપે અને અંતે ૧૯૪૨માં 'કરેંગે યા મરેંગે'ના આહ્વાન સાથે પરિણામલક્ષી બની રહી. ગાંધીજી આઝાદી કરતાં પણ વધુ મહત્ત્વ અંગત જીવનની શુદ્ધિને આપતા રહ્યા. એમના આચરણને લીધેજ એ સર્વપ્રિય બની રહ્યા. અસ્પૃશ્યતા નિવારણ અને નશાબંધીના રચનાત્મક કાર્યક્રમો એમને મન આઝાદી કરતાં પણ વધુ મહત્ત્વના હતા. કમનસીબે આવા યુગપુરુષને એક કટ્ટરવાદી હિંદુના હાથે મરવું પડ્યું, મૃત્યુ પહેલાં કયારેક નહીં કલ્પેની એવી ભયંકર કોમી હિંસા નજરોનજર જોવી પડી. યુગપુરુષોને પણ નિયતિ કયાં છોડતી હોય છે ? વિશ્વને આવનારાં હજારો વર્ષ સુધી દીવાદાંડીની જેમ સહઅસ્તિત્વનો શાંતિમાર્ગ ચીંધનારા મહાત્મા ગાંધીના જન્મદિવસે આપણે અદના ભારતીય નાગરિકો તરીકે જેટલું ગૌરવ અનુભવીએ એટલું ઓછું જ લેખાશે. પ્યારા બાપુ - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અમર રહો !

# ગાંધીમૂલ્યો સનાતન છે ને રહેવાનાં...



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'ભજનનો કાર્યક્રમ અને સવારે આટલા બધા લોકો સાંભળવા આવે !!! ઓડિયન્સને પણ અભિનંદન.'

'બીજી ઓક્ટોબર એટલે વહેલી સવારે ભજન સાંભળવા જવાનું જ....'

'આશ્રમ ભજનાવલીના એવા જ બીજા ભજનો સાંભળીને થાય કે નવી પેઢી પણ ગાંધીમૂલ્યોને સ્વીકારે જ છે.'

આવા આવા અનેક પ્રતિભાવો પ્રાતઃકાળે યોજાયેલા એક કાર્યક્રમમાં ઉપસ્થિથ શ્રોતાઓ દર વર્ષે આપતા રહે છે.

કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા દર વર્ષે તારીખ બીજી ઑક્ટોબરે ગાંધીજયંતિના પર્વે ગાંધીનગરમાં વહેલી સવારે - ખુલ્લા મેદાનમાં ૬.૩૦ થી ૮.૩૦ સવારે ભક્તિ સંગીતના કાર્યક્રમનું આયોજન થાય છે. આ વરસે સતત ૧૨મા વર્ષે ગાંધીનગરના કલાકાર બિરેન પુરોહિત અને રામસેવકજી ભજનો પ્રસ્તુત કરશે. કાર્યક્રમમાં કોઈ ઔપચારિકતા નહિ, ભાષણ નહિ, બસ માત્ર શ્રવણ... બે-ત્રણ વર્ષ આમંત્રણ કાર્ડ બનાવ્યા... રાજયના પૂર્વ મંત્રી અને કલાગુર્જરી સંસ્થાના મહેન્દ્રભાઈ ત્રિવેદી કહે છે કે, 'ગાંધીજી કાગળનો બચાવ કરતા, અમે પણ કર્યો, કોઈ આમંત્રણ કાર્ડ હવે છપાવતા નથી, સમૂહ માધ્યમો અને વ્યક્તિગત રીતે જ બધાને ખબર પડે છે, સંખ્યા ઘટી નથી શ્રોતાની, બલકે વધી છે!'

વૈષ્ણવજન તો તેને રે કહીએ... નરસિંહનું ભજન તો અનેક ફિલ્મોમાં ગવાયું છે જ આ ઉપરાંત 'રઘુપતિ રાઘવ રાજારામ... ધૂન અને બંદે મેં થા દમ, વંદે માતરમ્, દે દી હમે આઝાદી... જેવા ફિલ્મી ગીતોમાં ગાંધી વિચાર વ્યક્ત થાય છે.' 'મારું જીવન એ જ મારી વાણી...' ઉમાશંકર જોષીના ગીતથી લઈને અનેક કાર્યોમાં ગાંધી દર્શનને વિચાર સતત ઝીલાતા રહ્યા છે.

મીરાના ભજનો માટે સુવિખ્યાત ગાયિકા જયુથીકા રોયના ગાયેલા ભજનો ગાંધીજીને પ્રિય હતા અને પુનાની જેલમાં હતા ત્યારે રોજ એમના ભજનો ગાંધીજી સાંભળતા હતા.

ભજનોની વાત કરીએ તો સોધું સ્મરણ થાય આશ્રમ ભજનાવલીનું. નવજીવન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આશ્રમ ભજનાવલીના પાનાઓ ફેરવીએ ત્યારે ગાંધીજીએ લખેલા શબ્દો પર નજર પડે છે. 'જો સંગ્રહ કિયા ગયા હૈ, ઉસમે મુખ્ય હેતુ યહ હૈ કિ નૈતિક ભાવના પ્રબળ હો.'

ગાંધીજી માનતા હતા કે આહારમાં દરેક વ્યક્તિને જેમ અનુકૂળ ખોરાક આવે એ સ્વીકારે એમ જ પ્રાર્થનામાં પણ પ્રત્યેકને એની રૂચિ અને શ્રદ્ધા મુજબ આધ્યાત્મિક ખોરાક મળવો જોઈએ.

ગાંધીજી જયારે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારે એમણે 'હરિશ્ચંદ્ર' નાટક જોયું હતું.

ગાંધીજીએ જોયેલી એકમાત્ર હિન્દી ફિલ્મ વિજય ભટ્ટ નિર્મિત 'રામરાજય' હતી. આ ફિલ્મના ગીતો 'ભારતની એક સન્નારી કી હમ કથા સુનાતે હૈ.... અને બીના મધુર મધુર કછુ બોલ... આજે પણ સાંભળીએ ત્યારે એટલા જ મીઠા લાગે છે.'

આઝાદી પહેલાની દેવકી બોઝની ફિલ્મોતી લઈને હમણાં બનેલી ફિલ્મોમાં કોઈ કોઈ જગ્યાએ ગાંધીજીના વિચારો વાર્તાના પ્રવાહમાં પ્રતિબિંબિત થતા રહ્યા છે. ગુજરાતી ભાષામાં ૧૯૪૮માં 'ગાંધીજી' શિર્ષક હેઠળ દસ્તાવેજી ચિત્ર નિર્મિત થયું હતું. આ ઉપરાંત હિન્દી સિનેમાના મહાત્મા - લાઈફ ઓફ ગાંધી, રીચર્ડ એટનબરોની ગાંધી, શ્યામ બેનેગલની ધ મેઈકીંગ ઓફ મહાત્મા, કમલ હાસનની 'હે રામ', ઉપરાંત ગાંધી માય ફાધર, મૈંને ગાંધી કો નહિ મારા, લગે રહો મુન્નાભાઈ જેવી ફિલ્મોમાં ગાંધીજીના જીવન પ્રસંગો વણાયા છો.

ફરી ભક્તિસંગીતનો દોર સાધીએ તો કલાગુર્જરીના અત્યાર સુધીના કાર્યક્રમોમાં બંકીમ પાઠક, કમલેશ આવત્સથી, હેમા-આસીન દેસાઈ, સૌમિલ-શ્યામલ અને આરતી મુનશી, પ્રફુલ્લ દવે, હેમંત ચૌહાણ, રેખા ત્રિવેદી અને ઉદય મઝુમદાર, ભારતીબેન વ્યાસ, નીતીન દેવકા અને ગાર્ગી વોરા, અયોધ્યાદાસ જેવા કલાકારો ભજનવાણી પ્રસ્તુત કરી ચૂક્ય છે. આમ ગાંધી જીવન-દર્શન અને આચારવિચારને સમર્પિત કાર્યક્રમ થકી મહાત્મા ગાંધીજીના જીવનમૂલ્યો - આદર્શો લોકો સુધી - વિશેષ કરીને નવી પેઢી સુધી પ્રસરતા રહે છે એનો આનંદ છે.

ગાંધીજી માનતા હતા કે નામ-રૂપની વિવિધતા આપણને માત્ર સહિષ્ણુતા જ શીખવે છે. એવું નથી, બલકે માણસને સર્વધર્મ-સમભાવ તરફ લઈ જાય છે. ગાંધીજીના જીવન આધારિક નાટક-ફિલ્મ કે ભજન કાર્યક્રમ કરનારની ચિત્રકારની - જવાબદારી એટલે વધી જાય છે કે એક મહામાનવના વ્યાપક જીવનને સમાવવું પડે છે, એ સમયે વિશેષ ખ્યાલ એ રાખવો પડે છે કે એના વિશ્વ વંદનીય વ્યક્તિત્વને સાચો ન્યાય મળી રહે. કલાના કોઈ પણ સ્વરુપમાં આવું થાય ત્યારે આનંદ થાય છે. અને એ રીતે આજે પણ ગાંધી જીવનના વિચારના દીવડા પ્રગટે છે ને આપણને- આચરણના માર્ગે અજવાળા રેલાય છે.

# કુછ યાદ હમે ભી કર લો - શાસ્ત્રીજીને જન્મદિને વંદન



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

લાલ બહાદુર શાસ્ત્રી. ૨જી ઓકટોબરે આપણા દેશના આ બીજા મહાન વ્યક્તિની પણ જન્મજયંતિ છે. ખબર નહીં કેમ પણ આપણે 'ગાંધી જયંતિ'માં રચ્યા પચ્યા રહીએ છીએ કે દેશના આ મહાનાયકને તો આ દિવસે હાંસિયામાં જ નાખી દઈએ છીએ. આ બાબતે તો પૂ. બાપુને પણ દુઃખ થતું હશે કે શા માટે મારા ચુસ્ત શિષ્ય અને કર્મઠ દેશભક્તને દેશવાસીઓ ભૂલી જઈ રહ્યા છે !

૨જી ઓકટોબર ૧૯૦૪ ના દિવસે મુઘલસરાયમાં શ્રદ્ધા પ્રસાદ શ્રીવાસ્તવ અને રામદુલારી દેવીના ઘરે શાસ્ત્રીજીનો જન્મ થયો.શાસ્ત્રીજી જયારે માત્ર બે વર્ષના હતા, ત્યારે જ 'પ્લેગ' ની મહામારીમાં તેમના પિતાજી અવસાન પામ્યા - અને રામદુલારી દેવી બે બાળકો સાથે મુઘલસરાય તેમના પિતાજીના ઘરે આવી ગયા. આમ નાનપણથી જ શાસ્ત્રીજી માટે કપરા ચઢાણ શરુ થઈ ગયા.... ત્યારબાદ વિવિધ પારિવારિક કટોકટીઓના ચડાવ-ઉતાર પછી પરિવાર ૧૯૧૭માં બનારસમાં જીવનયાપન માટે આવ્યો. ત્યાં તેમના શિક્ષક નિષ્કામેશ્વર પ્રસાદમિશ્રાજીથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. તે શિક્ષકે શાસ્ત્રીજીને આર્થિક સહાય પણ કરી અને ભણવામાં સહાય કરી... નિષ્કામેશ્વરજીએ સૌ પ્રથમ 'દેશભક્તિ' અને ગાંધીજીના વિચારોથી શાસ્ત્રીને અવગત કર્યા...

અને ૧૯૨૧માં બનારસમાં ગાંધીજી અને મદનમોહન માલવિયાની એક સભામાં શાસ્ત્રીજી અને ગયા અને ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા, ગાંધીજીએ વિદ્યાર્થીઓને હાકલ કરી હતી કે વિદ્યાર્થીઓ સરકારી શાળાઓ છોડીને ચળવળમાં ભાગ લે - ગાંધીજીની હાકલને અનુસરીને શાસ્ત્રીજીએ અભ્યાસ છોડી દીધો, અને વિવિધ અસહકારની ચળવળોમાં જોડાઈ ગયા. તે સમયે શાસ્ત્રીજી મેટ્રિકમાં હતા.

સ્વામી વિવેકાનંદ, એની બેસન્ટ, ગાંધીજી જેવા મહાનુભાવોના જીવનથી શાસ્ત્રીજી ખૂબ પ્રભાવિત થયા.

બનારસ હિંદ યુનિ.ના લેકચરર જે.બી. કૃપલાની અને વી.એન. શર્મા એ અનુભવ્યું કે આવી રીતે દેશના નવયુવાનો અભ્યાસ છોડી દેશે તો યુવકો અને દેશનું ભવિષ્ય જોખમાશે, માટે તેમણે આવા વિદ્યાર્થીઓ માટે 'નેશનાલિસ્ટ એજ્યુકેશન'ના નેજા હેઠળ 'કાશી વિદ્યાપીઠ'ની સ્થાપના કરી, જેને સંપન્ન દેશવાસીઓ અને કોંગ્રેસ-લીડરોની આર્થિક સહાયથી ચલાવવામાં આવી.

લાલ બહાદુર આ વિદ્યાપીઠના પ્રથમ છાત્ર બન્યા અને ૧૯૨૫માં લાલ બહાદુર આ વિદ્યાપીઠના પ્રથમ 'શાસ્ત્રી' (ગ્રેજ્યુએટ) થયા. અને ત્યારબાદ આ 'શાસ્ત્રી' બેચલર ડીગ્રીનું નામાભિધાન તેમની સાથે જીવનભર લાગેલું રહ્યું.

શાસ્ત્રીજીએ તેમના જીવનનો ૯ વર્ષ જેટલો ગાળો જેલમાં ગાળ્યો, આઝાદ ભારતમાં સૌપ્રથમ ઉત્તરપ્રદેશમાં ગોવિંદ વલ્લભ પંત (મુખ્યમંત્રી)ની કેબિનેટમાં લાલબહાદુર શાસ્ત્રી યુ.પી.ના પુલીસ અને ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર બન્યા. (૧૯૫૦ પહેલા હોમ મિનિસ્ટર ને પુલિસ મિનિસ્ટર કહેવામાં આવતા હતા.)

૧૯૫૨માં શાસ્ત્રીજી કોંગ્રેસ કમિટિના સેક્રેટરી બન્યા, અને સ્વતંત્ર ભારતના પ્રથમ કેબિનેટમાં રેલવે મિનિસ્ટર તરીકેનું સ્થાન પણ ૧૯૫૨માં તેમણે શોભાવ્યું.

૧૯૬૪માં નહેરુના અવસાન પછી 'લાલબહાદુર શાસ્ત્રી' ભારતના બીજા વડાપ્રધાન બન્યા, કે. કામરાજનો 'લાલબહાદુર શાસ્ત્રી'ને વડાપ્રધાન બનાવવામાં મોટો સહયોગ માનવામાં આવે છે.

આપણે ત્યાં આણંદમાં 'અમૂલ' ડેરીની સ્થાપના પછી વર્ગીસ કુરિયનને 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)ની સ્થાપના માટે લાલ બહાદુર શાસ્ત્રીએ જ પ્રોત્સાહન આપ્યું હતું.

તો વળી જામનગર પાસે 'બાલાછડી' માં સૈનિક સ્કૂલની શરુઆત પણ તેમણે જ કરાવી હતી. જયારે આપણો દેશ 'ખાદ્ય અછત' માંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેમણે દેશને હાકલ કરી હતી કે સમગ્ર દેશવાસીઓ જો એક દિવસ ઉપવાસ કરે તો ઘણું - બધું અન્ન-ધાન બચી શકે... 'શાસ્ત્રી-વાર' તરીકે સોમવાર કરવાનું ત્યારબાદ અગણિત દેશવાસીઓએ સ્વયંભૂ જ સ્વીકારી લીધું. અરે ત્યાં સુધી કે ઘણી બધી રેસ્ટોરન્ટ પર સોમવારે સાંજે હોટેલ - વગેરે બંધ રાખતી હતી.

ભારત દેશમાં સમગ્ર પ્રજા પર આવી છાપ છોડી જનાર એક પણ નેતા 'લાલબહાદુર શાસ્ત્રી' પછી થયો નથી, અને આમ જોવા જઈએ તો શાસ્ત્રીજીની આ લોકપ્રિયતા જ તેમને ભારે પડી ગઈ.

પાકિસ્તાન સાથેની લડાઈ વખતે પણ શાસ્ત્રીજીની વિચક્ષણ કૂટનીતિથી આપણે વિજય મેળવ્યો, તે કોઈ દેશવાસી ભૂલી નહીં શકે. અયૂબખાન (પાકિસ્તાની વજીર) અને પાકિસ્તાની સૈન્યના 'દાંત ખાટા કરીને' તેમની સાન ઠેકાણે લાવી દીધી.

પ્રામાણિક શાસ્ત્રીજી આ દેશના એકમાત્ર એવા રેલવે મિનિસ્ટર હતા જેમણે રેલ-અકસ્માત પછી જવાબદારી સ્વીકારીને તરત જ રાજીનામું આપી દીધું હતું.... ૧૯૬૩માં જયારે તેમને કેબિનેટમાંથી પડતાં મૂકવામાં આવ્યા, ત્યારે ઘરે આવીને તેઓ લાઈટ-પંખા બંધ કરીને રુમમાં બેઠા. કોઈએ આનુ કારણ પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે હવે હું મિનિસ્ટર નથી અને મારા ઘરનું લાઈટ બિલ મારે જ ચૂકવવું જોઈએ, અને મારી પાસે એટલા પૈસા અત્યારે નથી કે હું લાઈટ બિલ ભરી શકું.

સ્વતંત્રતા મળી તે પહેલાથી તેઓ 'સર્વન્ટ ઓફ ઈન્ડિયન સોસાયટી'નાં સભ્ય હતા, લાલા લજપતરાય, ગોપાલકૃષ્ણ ગોખલે અને ગાંધીજી ઉપરાંત 'શાસ્ત્રીજી' આ સોસાયટીના સભ્ય હતા, જેમણે પ્રણ લીધું હતું કે, સાર્વજનિક કાર્ય પબ્લિક સેકટરના કાર્ય ને કયારેય પણ તેઓ અર્થોપાર્જન તરીકે વ્યાવસાયિક ઉપયોગ નહીં કરે. આજે જયારે દરેક રાજનેતા ભથ્થા મેળવવા માટે 'વેતન વધારા' માટે વિરોધ પક્ષ - શાસક પક્ષ' એક થઈ જઈને પણ 'વેતન વધારા' બિલ પસાર કરી દે છે, તે સમયમાં આવા કોઈ ઈમાનદાર નેતા વિશે કોઈને વિચાર કયાંથી આવે ?

'તાશ્કંદ કરાર' માટેની તેમની રશિયા યાત્રા તેમની અંતિમ યાત્રા બની રહી. માત્ર ૬૧ વર્ષની ઉંમરે ૧૧ જાન્યુઆરી, ૧૯૬૬માં શંકાસ્પદ ઘટનાક્રમ વચ્ચે તેમનું મૃત્યુ થયું. તેમનું મૃત્યુ આજે પણ એક કોયડો બની રહ્યું છે. ૧૯૬૫ની લડાઈમાં પાકિસ્તાનને પોતાની હેસિયત બતાવી દેવી, ન્યુક્લિયર પાવર માટેના તેમના વિચારો અને વારસાઈ ગાદી મેળવવાની એક પરિવારની લાલચ આ ત્રણ કારણોએ શાસ્ત્રીજીને આપણી વચ્ચેથી છીનવી લીધા.

તેમનું મૃત્યુ થયું ત્યારે તેમણે હપ્તેથી લીધેલી કારના બાકી રહેલા હપ્તા સરકારી તિજોરીમાંથી પૂરા કરીને લોન ભરી દેવાનું સૂચન પાર્ટીના વડાઓએ કર્યું. પરંતુ શાસ્ત્રીજીના ધર્મપત્ની લલિતાદેવીએ જણાવ્યું કે પ્રામાણિક પતિ જીવ્યો છે ખુમારીથી, તો પછી તેના મૃત્યુ પછી પણ મારે કોઈ એવું કામ નથી કરવું કે તેમની શાખ ઉપર કોઈ આંચ આવે. કોઈ નેતા ગરીબીમાં મૃત્યુ પામે તે ન માની શકાય એવી વાત છે ને !

અને તે કારના બાકીના હપ્તા શાસ્ત્રીજીના મૃત્યુ પછી તેમના પત્નીએ ભર્યા. આજે પણ સંગ્રહિત વસ્તુઓના શાસ્ત્રીજીના સંગ્રહાલયમાં તે કાર છે. આજના તકવાદી અને લાલચુ નેતાઓએ તે કાર જોઈને પણ કંઈક શીખ લેવા જેવી છે.

ગાંધી-જયંતિએ તેમના રસ્તાઓ પર ખરેખર ચાલનારા તેમના સત્યપ્રિય અનુયાયી શાસ્ત્રીજીને આજના દિવસે યાદ કરીશું, તો ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ હશે.

-jayuoza@gmail.com, Mo. 9898046488

# અલૌકિક આનંદની યાત્રા નૃત્યના પ્લેટફોર્મ ઉપરથી આરંભાતી હોય છે



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પ્રતિષ્ઠિત પુલિત્ઝર પ્રાઈઝ હોલ્ડર અને અમેરિકાના ખૂબ જાણીતા કોલમિસ્ટ અને લેખક ડેવિડ મેકલિસ્ટર બેરીની હ્યુમર કોલમ અમેરિકન્સ બડા આદરથી વાંચતા હોય છે. ડેવિડના સેટાયરમાં પણ હાસ્યની સાથે ચિંતનાત્મક ગહન વાત લોકોને હૃદય સોંસરવી ઉતરી જાય. ડેવિડે મન અને હૃદયના ઉત્સાહને અભિવ્યક્ત કરતા માધ્યમ નૃત્ય સંદર્ભે સરસ વાત કરી છે. એક વાર ડેવિડને કોઈએ પૂછ્યું કે, ' મને નાચતા નથી આવડતું પણ મને મારી ખુશી તો વ્યક્ત કરવી જ છે તો હું શું કરું ' ડેવિડ બેરીએ આ ભાઈને કહ્યું, ' તમારું નૃત્ય ઉત્કૃષ્ટ છે કે ભંગાર છે, એની સાથે કોઈને કશી લેવા દેવા જ નથી. માત્ર તમારી જગા ઉપરથી ઊભા થઈ હાથ પગ હલાવી મોજ કરવા માંડો એ જ સાચું નૃત્ય છે અને જીવનનું સાચુ સંગીત છે. ' જેમ કોસ્મિક લવ શબ્દની એક અલગ ઉંચાઈ છે એમ જ કોસ્મિક પ્લેઝર (અલૌકિક આનંદ) શબ્દની અલગ પહેચાન છે. ખરેખર તો અલૌકિક આનંદ એક અવસ્થા છે. અલૌકિક આનંદની આ અવસ્થાએ પહોંચવાની યાત્રા નૃત્યના પ્લેટફોર્મ ઉપરથી આરંભાતી હોય છે.

ગુજરાતના ગગનમાં નવરાત્રી ગોરંભાઈ છે. ખેલૈયાઓ અવનવા ગરબા – દાંડીયા સ્ટેપની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ગુજરાતી કેલેન્ડરમાં ચૈત્રી પ્રતિપદાથી વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ નવરાત્રીની છડી પોકારાય છે. નવરાતનુ કાઉંટ ડાઉન શરૂ થઈ ગયું છે. નૃત્ય એ આંતરિક ઉત્સાહનું પ્રગટીકરણ માટેનું સૌથી સહજ અને સશક્ત માધ્યમ છે. નવરાત દરમિયાન ભક્તિ અને શક્તિના સમાયોજનથી આનંદના ઓવારણા લેવાતા હોય છે. આમ તો નવરાત્રીનો સમયગાળો વસંત અને પાનખર ઋતુઓનો હોય છે. સૂર્યના હુંફાળા તાપથી ધરતી પણ પ્રસન્ન હોય છે. નવરાત્રિ એટલે દેવી દુર્ગાની આરાધના કરી ઉજવાતો મઝાનો નૃત્ય ઉત્સવ.

વસંત નવરાત્રી, શરદ નવરાત્રી, અષાઢ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી એમ ચાર નવરાત્રીઓની વર્ષ દરમિયાન રંગે ચંગે ઉજવણી થતી હોય છે. ગુજરાતી બંધુઓ શરદ અને ચૈત્રી નવરાત્રી ઉમંગથી ઉજવતા હોય છે. સામાન્ય રીતે શરદ નવરાત્રીમાં ગરબા, રાસના નૃત્યનો મહિમા હોય છે. જ્યારે ચૈત્રી નવરાત્રી વ્રત-તપ માટે વધુ પ્રચલિત છે. પૂર્વ ભારતના પ્રદેશોમાં શરદ નવરાત્રીના છેલ્લા ચાર દિવસોની હોંશભેર ઉજવણી થતી હોય છે. પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાની બડી ધુમધામ હોય છે.

નવરાત્રીનું નામ પડે એટલે પ્રત્યેક ગુજરાતીઓના હૈયા થનગનવા લાગે, મનમાં મોજ અને મસ્તીની છોળો ઉડે, પગ થીરકવા લાગે, આનંદ ઉલ્લાસથી હૃદય ફુલ્યું ન સમાય. 'ગરબો' શબ્દનો અર્થ કાણાવાળી માટીની માટલીમાં દીવો પ્રગટાવી માતાજીની પુજા કરવી. જો કે ગરબો મૂળ શબ્દ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' ઉપરથી ઉતરી આવ્યો છે. ભગવદ્ ગો મંડળે 'ગરબો' શબ્દાર્થને સમજાવતાં લખ્યું છે કે, અંદર દીવો હોય એવો કાણાંવાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો. આમ તો આનો તાત્વિક અર્થ એવો કરી શકાય કે હૃદયમાં સત્યનિષ્ઠા અને સતકર્મનો દીવો પ્રગટાવી ભક્તિભાવપૂર્વક નાચતા ગાતા શક્તિની આરાધના કરવાનો અદભુત સમય એટલે નવરાત્રી.

નૃત્ય માણસની ખુશીની અભિવ્યક્તિ માટેની સ્વાભાવિક શૈલી છે. એવી કોઈપણ વ્યક્તિ નહીં હોય કે, જેણે જીવનમાં ક્યારેય નૃત્ય નહીં કર્યું હોય. નૃત્યના પ્રકાર જુદા જુદા જરૂર હોઈ શકે પણ આનંદ દર્શાવવાનો માર્ગ તો એક જ છે. કોઈ કસરતના ભાગરૂપે એરોબિક નૃત્ય કરે તો કોઈ ગરબા-રાસ કરે, કોઈ બંધ બારણે ઓરડામાં સંગીતના તાલે નાચી લે તો કોઈ પાર્ટીમાં મોજથી થીરકી લેતા હોય છે. પણ સો વાતની એક વાત જીવનને રંગીલું બનાવે છે નૃત્ય.

વિશ્વના અલગ અલગ દેશોની આનંદની અભિવ્યક્તિમાં નૃત્યની નોખી અનોખી પરિભાષા હોય છે. બ્રાઝીલના રીયો-ડી-જાનેરોના કાર્નીવલ મહોત્સવમાં 'સાંબા' નૃત્ય બ્રાઝીલીયનો ખૂબ મસ્તીથી કરતા હોય છે. બ્રાઝીલમાં ખૂબ લોકપ્રિય એવું 'સાંબા' નૃત્યનું મૂળ ગોત્ર આફ્રિકામાં કામ કરતા બ્રાઝીલીયન ગુલામો દ્વારા પ્રચલિત કરવામાં આવ્યું છે. આવી જ રીતે ઈંગ્લેન્ડના ગ્રામ વિસ્તારોમાં પગમાં પેડ અને નાના નાના ઘુંઘરુ બાંધી કરાતો 'મોરીસ' ડાન્સ આપણા ગરબા જેવો જ લોકપ્રિય છે. 'મોરિસ' નૃત્યના ચોક્કસ ઈતિહાસની લોકોએ જાણકારી ઉપલબ્ધ નથી પણ 'મોરીસ' દ્વારા ઈંગ્લેન્ડના ગ્રામજનો આનંદ કરે છે. ફ્રાંસ દેશના નૃત્યની વાત રોમાંચકારી છે. ફ્રાંસના રાજા લુઈસ ચોથાને ડાન્સનો જબરો શોખ હતો. લુઈસે ૧૬૬૧માં વિશ્વની સૌથી પહેલી 'બેલે ડાન્સ' સ્કૂલ ખોલી હતી. આ સ્કૂલ 'ધ એકેડમી રોયલ ધ ડાન્સ' તરીકે ઓળખાય છે. કલાસિકલ બેલે ડાન્સનુ જન્મ સ્થળ આ સ્કૂલ 'ધ એકેડમી રોયલ ધ ડાન્સ' જ કહેવાય છે. આ સ્કૂલના પ્રથમ નિર્દેશક તરીકે લુઈસે મશહુર ડાન્સર પિયરે બ્યૂએપ્સને જવાબદારી સોપી. પિયરે એ જમાનામાં બેલે નૃત્યમાં જે પગની પાંચ મુવમેન્ટનો આવિસ્કાર કરેલો તે આજે પણ બેલે ડાન્સરોની શાન છે.

અમેરિકન મીડિયા ટાયફૂન લેડી અને વિશ્વમાં સૌથી વધુ જોવાતા ટોક શોની હોસ્ટ ઓપ્રાહ ગેઈલ વિન ફ્રે ઘણીવાર એના શોમાં કહેતી હોય છે કે, પ્રતિદિન સવારે ઉગતો સૂરજ તમારા માટે નવું કેનવાસ લઈને આવે છે. તમારા શ્વાસોથી એમાં મઝાનું ચિત્ર દોરો અને બુટની દોરી બાંધી, હસતા મોંએ ઉમંગથી નૃત્ય કરવા સજ્જ થઈ જાવ.

માણસની સાચી મજા તો એની સર્જનશીલતામાં રહેલી છે. જે માણસ જિંદગીથી પ્રેમ કરતો હોય તે સર્જનાત્મક દ્રષ્ટિકોણ ધરાવતો હોય છે તો જ એ જીવનના સૌંદર્યના વ્યાપને વધારવા તત્પર રહેતો હોય. જીવનમાં થોડું વધુ સંગીત, થોડી વધુ કાવ્યાત્મકતા અને થોડુ વધુ નૃત્ય લાવવાથી આપોઆપ સર્જનશીલતાની સુવાસ પ્રસરતી હોય છે. ભાવનાઓના રંગમંચ ઉપર શબ્દો, કવિતા અને ગઝલનું રૂપ ધારણ કરી મનમોહક નૃત્ય કરે છે. એવી રીતે જીવનની પ્રત્યેક પળ સંગીતમય બની રહે અને પગ થીરકતા રહે ત્યારે જીવનમાં ઉમંગ અને ઉત્સાહનો સરવાળો નહીં ગુણાકાર થતો હોય એમ લાગે. માત્ર નવરાત્ર જ નહીં રોજે રોજ ગરબા અને દરરોજ દાંડીયા કેમ ન થાય કહેવાનો મતલબ છે કે, નૃત્ય સ્વરૂપે આનંદની અભિવ્યક્તિ રોજે રોજ હોવી જોઈએ. પછી ભલે એ ગરબા, દાંડીયા હોય કે પછી સાંબા, બેલે કે કોઈ પણ ડાન્સ ફોર્મ હોય પણ જીવનમાં નૃત્ય હોવુ જોઈએ. આનંદનો માર્ગ નૃત્યના પ્લેટફોર્મ ઉપરથી આરંભાતો હોય છે.

**ધબકાર :**

જીવનની સર્વોત્તમ પળો નૃત્યાચ્છાદીત હોય છે.